કાચ નહિ, કંચન

ઝાંસીની રાણી લક્ષ્મીબાઇના પરાક્રમોથી કોણ અજાણ્યું છે! એ વિધવા હોવા છતાં પોતાની બુદ્ધિ અને શક્તિથી આખું રાજ્ય ચલાવતી હતી. એની રાજધાનીમાં એક નિઃસ્પૃહી વિદ્વાન કથા કરવા આવ્યા હતા, સભામાં રાણી પણ હાજર હતાં. રાણીના કંચનવર્ણાં કાંડાં પર બે સુવર્ણકંકણ શોભી રહ્યાં હતાં. જુનવાણી કથાકારે જરા હળવી ટીકા કરી: 'આજકાલ ધર્મની મર્યાદા તૂટતી જાય છે. જે સ્ત્રીઓ પતિનાં જીવતાં કાચની બંગડીઓ પહેરતી તે વિધવા થતાં સુવર્ણ-કંકણ પહેરે છે.

રાણીથી ન રહેવાયું. "પંડિતજી! સ્ત્રી પતિ જીવતાં કાચની બંગડી પહેરે છે તે યાદ રાખવા કે શરીર કાચ જેવું નાજુક અને નશ્વર છે. પણ એ શરીર પડી જતાં આત્મા પરમાત્મરૂપ શાશ્વત સુવર્ણમાં ભળી જાય છે તેનું પ્રતીક આ કંકણ છે. કાચ નહિ, સુવર્ણરૂપ સ્વામીનું શરણ લીધું છે તેની યાદ એ આ કડાં છે."

આત્મજ્ઞાનપૂર્ણ આ ઉત્તરથી પ્રભાવિત થયેલ વિદ્વાન રાણીને નમી જ પડ્યો.

દિવ્યદીપ

વર્ષ ૪ થું

અંક ૫ મો

પથ્થરોથી મારવા માટે એક સ્ત્રીને સંત પાસે સૌ લઈ આવ્યા. એકે કહ્યું: "આ સ્ત્રી અનીતિમાન છે, એને પૂરી કરો!" સંતે કરુણાથી નયન ઢાળતાં કહ્યું: તમારામાંથી કદી કોઈએ કુદૃષ્ટિ ન કરી હોય તે જ આના પર પહેલો ઘા કરે.'

'ચિત્રભાનુ'

●● તંત્રી સ્થાનેથી ●●

ટેલીવિઝન પર જૈનધર્મ

મોમ્બાસાના જાણીતા આગેવાન શ્રી મેઘજીભાઈ સોજપાલ ધન્નાણી થોડા સમય માટે લંડન ગયેલા. એમણે તા. ૨૦–૯–૬૭ના રોજ લખેલો પત્ર અમને આ નોંધ લખવા પ્રેરે છે.

શ્રી ધન્નાણી ૨૧મી ઓગસ્ટની સાંજે લંડનમાં T. V. પર કાર્યક્રમ જોઈ રહ્યા હતા. ત્યાં એમણે જૈન તીર્થો અને પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુને જોયા અને આશ્ચર્યમિશ્રિત આનંદની લાગણીઓથી એ ગદ્‌ગદિત થઈ ગયા. અને એમણે પોતાના મિત્ર શ્રી દીપચંદભાઈ સંઘવીને પોતાને આવેલા અનેક વિચારો જણાવ્યા છે જેમાં એમના હૈયામાં ચાલતું મંથન વ્યક્ત થાય છે. આજની પરિસ્થિતિમાં આ કેટલું સાચું છે તે વિચારવું રહ્યું. પણ અમે તો એમનું લખાણ જ અહીં ટાંકીએ છીએ.

"બીજું ખાસ લખવાનું ૨૧મી ઓગસ્ટે સાંજના લંડનના ટાઇમ ૬ થી ૬–૩૦ મિનીટે T. V. માં જૈન આચાર, જૈન તીર્થો, જૈન સાધુઓનો વિહાર, આચાર, દર્શાવતું એક ચિત્ર T. V. ઉપર જોયું, જેમાં મહારાજશ્રી ચિત્રભાનુને જોયા અને કંઈક વિચારો આવ્યા. આવા પવિત્ર અને બાહોશ (મનુષ્ય) જૈનોને મળ્યા છે છતાં પરદેશમાં વિહાર ન કરી શકે. આવા પુરુષો જૈન આચાર માટે કેટલી છાપ પાડી શકે તે અનુભવે ખબર પડે. આજે વિમાની વહેવારમાં છ કલાકે નાઈરોબી આવી શકે પણ બનવા સંભવ નથી ત્યાં શું કામનું ? સમાજના આગેવાનોએ અમુક મહાત્માઓને ખાસ પરવાના આપવા જોઈએ. આજે જૈન સમાજમાં કોઇ ખરા વિચારવાળા છે કે નહિ તે કહેવાનું આપણું કામ નથી. અત્યારે ખોટા વાડાઓમાં છીએ."

દિવ્યદીપના વાચકોને તો યાદ હશે જ કે આજથી ત્રણ વર્ષ પહેલાં તા. ૧૪–૧૨–૬૪ના રોજ પૂ. શ્રીને શોધતા શોધતા બી. બી. સી. ના ટેકિનશ્યનો કોટના ઉપાશ્રયે આવ્યા હતા. (દિવ્યદીપ વર્ષ ૧ લું અંક ૧૬)

આટલે દૂરથી આવેલા એ ભાઈઓની શુભ ભાવનાને માન આપીને અને જૈન ધર્મની સંસ્કૃતિનો પશ્ચિમની દુનિયાને પરિચય આપવાને ટેલીવિઝન પર પોતાનો કાર્યક્રમ આપવા તેમની માંગણીને સ્વીકારી હતી.

તા. ૧૫–૧૨–૬૪ એ મૌન એકાદશીનો પવિત્ર દિવસ હોવાથી બી. બી. સી ના કાર્યકરો સવારથી ઉપાશ્રયમાં આવી ગયા હતા. તે દિવસની આધ્યાત્મિક એવી પૌષધવિધિ, પૂ. શ્રીનું પ્રવચન અને ત્યારબાદ આખા દિવસની સાધુક્રિયાને દર્શાવતી એવી પૂ. શ્રીની ફિલ્મ ઝડપી લીધી હતી. ફિલ્મ લીધા પછી પૂ. શ્રીએ બી. બી. સી. ના કાર્યકર્તાઓને શત્રુંજય, ગિરનાર, દેલવાડાનાં મશહૂર જૈન મંદિરો, રાણકપુરનું ભવ્ય જિનાલય, ભગવાન મહાવીરનું નિર્વાણ સ્થાન, પાવાપુરી, શ્રવણ બેલગોલા જેવાં અનેક તીર્થધામોનું દર્શન કરાવતી ફિલ્મ લેવા વિશિષ્ટ માર્ગદર્શન આપ્યું હતું.

તેઓશ્રીની સૂચનાને સ્વીકારીને તીર્થોની લેવાયેલી ફિલ્મ આજે હજારો માઈલના અંતરે પણ સમસ્ત દુનિયાને આર્યસંસ્કૃતિનું દર્શન આપી રહી છે.

★

જીવનનું દર્શન

[પૂ. મુનિશ્રી ચિત્રભાનુએ દાદરમાં આપેલા પ્રવચનની નોંધ. આનો પૂર્વાર્ધ ચાલુ વર્ષના પહેલા અંકમાં આપી ચૂક્યા છીએ; ત્યાંથી ફરી શરૂઆત થાય છે.]

જગતની મેં ત્રણ વ્યાખ્યા બાંધી છે. સમજીને સરકવું એનું નામ સંસાર; જાણીને જીવવું એનું નામ જીવન અને મૂકીને મુક્ત થઈ જવું એનું નામ મોક્ષ.

આ સંસારમાં ડાહ્યો માણસ કોણ? જે સંસારમાં રહે ખરો પણ ધીમે ધીમે સરકતો જાય.

કો'કવાર ચાર પાંચ ગુંડાઓ તમને ઘેરી વળ્યા હોય અને તમે એકદમ ભાગવા જાઓ તો તમને છરો મારી દે એવી પરિસ્થિતિ હોય ત્યારે ધીમે ધીમે વાતો કરતાં કરતાં એની પકડમાંથી તમે સરકવાનો કેવો કુશળતાભર્યો ઉપાય શોધો છો?

એમ આ સંસારમાં પણ એ જ કામ કરવાનું છે. આપણે સંસારના એક સકંજામાં આવી ગયા છીએ. તમે એકદમ ભાગવા જાઓ તો બધા ય લોકો તમારા કપડાં ફાડી નાંખે ત્યાં સુધી તમને વળગે. "નહિ, તમે નહિ જાઓ. તમારું અમારે કામ છે." કારણકે આવો વગર પગારનો નોકર રળીરળીને બધાયને માટે ચિંતા કરતો હોય એવો ક્યાંથી મળે? હું ઘણા વૃદ્ધ માણસોને જોઉં છું. છેલ્લી ઘડી આવે ત્યાં સુધી પણ દુકાને બેસે. અને એ છોકરાંઓનાં છોકરાંને રમાડતાં રમાડતાં રાજી થાય અને મનમાં માને "આ છોકરાંઓનું કોણ કરશે?" પણ એ ગમારને ખબર નથી કે તું જો ચિંતામાં ઉપડીશ તો તારું કોણ કરશે?

એ લોકો પણ માને છે કે આજના જમાનામાં બસો રૂપિયા આપતાં પણ પ્રામાણિક નોકર મળતો નથી. અને આ માણસ વગર પગારે ખાલી બે ટંક રોટી ખાઈને આખો દહાડો આપણે માટે મહેનત કરતો હોય તો શું ખોટું છે!

એટલે એ લોકો તમને રાજી રાખવા જરૂર પ્રયત્ન કરે. પણ જીવે પોતે તો સમજવું જોઈએ કે ભાઈ, હવે મારું શું? "હું આ બધું સાચવ્યા કરીશ, લોકોને મળ્યા કરીશ, વેવાણો અને વેવાઈઓને મનાવ્યા કરીશ, સગાંવહાલાંઓને બોલાવ્યા કરીશ, ગામમાં જેટલાં લગન હોય એમાં હાજરી આપ્યા કરીશ, જેટલી મોકાણ હોય એમાં રોવા ગયા કરીશ! તો આમનું આમ જીવન પૂરું થઈ જશે." હા, એમ કરનાર માણસને દુનિયા બહુ ડાહ્યો માણસ ગણશે, વ્યવહારકુશળ માનશે અને કહેશે કે આને ઘણી ઓળખાણ છે.

પણ આત્માની ઓળખ વિના આ બધી જ ઓળખ નકામી છે. આત્માની ઓળખ કરવા માટે આ મનુષ્ય જન્મ જ શ્રેષ્ઠ છે, દેવોનો જન્મ પણ નહિ.

દેવો મનુષ્ય કરતાં ઘણા સમૃદ્ધ છેઃ હીરાથી, પન્નાથી એ શોભતા હોય છે છતાં ય દેવનો ભવ માનવના ભવ કરતાં ઊંચો નહિ.

આચાર્યશ્રી સ્વયંભવસૂરીશ્વરે દશવૈકાલિકના પ્રારંભમાં જે શ્લોક બનાવ્યો એ શ્લોક નથી, પણ જીવનમંત્ર છે.

અહિંસા, સંયમ અને તપ – આ ત્રણ તત્ત્વ યુક્ત એવો ધર્મ એ સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગળ છે. આ ધર્મ જેના હૈયામાં વસે છે એને તો દેવો પણ નમન કરે છે.

"धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो;
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो।"

એમણે કહ્યું કે તું બધા જ મંગળ કર પણ એ બધામાં જો ઉત્તમ હોય તો તે ધર્મ છે.

આ અહિંસા, આ સંયમ અને આ તપ જેના હૃદયમાં ઊતરી જાય છે એને માણસો તો નમે, દેવતાઓ પણ નમે છે.

કરોડપતિઓ આવીને મુનિને નમે એમાં મુનિએ કાંઈ ફૂલી જવાની જરૂર નથી. જો ફુલાય તો એ મુનિ ગમાર છે. લોકો માણસને નથી

નમતા. એણે જે ત્યાગ કર્યો છે એ ત્યાગને નમન કરે છે. એ ત્યાગ જેની પાસે છે એ બધાયને નમન થાય છે.

અને દેવતાઓ નમન કરે છે એ કયા ભાવથી નમે છે? આ માણસ ઘણી ઓળખાણવાળો છે, મોટો સત્તાધીશ છે, આને ઘણી ડીગ્રીઓ લાગેલી છે અગર તો એને ઘણી પદવીઓ મળેલી છે એટલે નહિ.

એ જે નમન કરે છે એની પાછળ સદ્ભાવ છેઃ અહિંસા, સંયમ અને તપને ઝૂકે છે.

જે માણસ અહિંસક છે એની પ્રવૃત્તિ કેવી હોય? એના જીવનથી, એની કરણીથી કોઈનેય દુઃખ ન થાય. ક્યાંય એ હિંસાનું નિમિત્ત ન બને. તેવી જ રીતે મનમાં ય એ વિચારે કે મારે કોઈનું ખરાબ શા માટે વિચારવું જોઈએ? અને પોતાની વાણીને વાપરતાં વાપરતાં તો એ અનેક વાર વિચાર કરે કે મારી વાણી કડવી તો નથીને? વાણી નિર્દોષ, મીઠી છે ને? લોકો કારેલાંનું શાક બનાવતાં હોય તો પણ એમાં થોડો ગોળ નાંખે છે. કડવાં ન લાગવાં જોઈએ. તો વિચાર કરોઃ માણસની વાણીમાં કટુતા હોય તો સાંભળનારને કેટલું દુઃખ થાય! એટલે જ સાચો અહિંસક मनसा वचसा कर्मणा આ ત્રણે રીતે નિર્દોષ હોય છે.

બીજા નંબરમાં સંયમ. આ પાંચેપાંચ અનિયંત્રિત ઈન્દ્રિયો એ રેસના ઘોડાઓ જેવી છે. એ નિયંત્રિત હોય તો જ કાબૂમાં રહી શકે છે. ઈન્દ્રિયો ઉપર સંયમ લાવવો જોઈએ અને એ સંયમ વડે ઈન્દ્રિયોનો સુંદરમાં સુંદર ઉપયોગ કરવો જોઈએ.

માણસ નક્કી કરે કે મારે મારી ઈન્દ્રિયોનો સારો ઉપયોગ કરવો છે તો એ કેટલું સારું કરી શકે! આંખથી નૈસર્ગિક સૌન્દર્યની સૃષ્ટિ મનમાં ભરી શકે. એ જ આંખથી શ્રેષ્ઠ અને ઉત્તમ કક્ષાનું વાંચન કરી શકે. અને તત્ત્વજ્ઞાનના ઉમદા ભાવો મનમાં વસાવી શકે.

કાનથી કોઈનીય ગંદી વાત સાંભળે તો એના પ્રત્યે દુર્ભાવ કેળવાય. કોઈનુંય ખરાબ સાંભળીએ એટલે એ વ્યક્તિ પ્રત્યે આપણા મનમાં અભાવ ઉત્પન્ન થઈ જ જાય છે, અને એના પ્રત્યેનો સદ્ભાવ હોય તે સામાન્ય રીતે નીકળી જાય છે. માટે કોઈનીય મલિન વાત સાંભળવી એના કરતાં કોઈ પ્રવચન સાંભળ્યાં હોય, જીવનને પ્રેરણા આપતી કોઈ કથા સાંભળી હોય, કોઈ મહાપુરુષના જીવનમાં બની ગયેલા સાચા બનાવો સાંભળ્યા હોય તો મન એ ભાવોથી કેવું સુવિકસિત બની જાય! ખરાબ વાતો ઘણીવાર આપણા દિવસો અને રાતોને બગાડી મારે છે, જ્યારે સૂવા જતાં પહેલાં સાંભળેલી કે વિચારેલી એક સારી વાત રાતને સુંદર ભાવોથી ભરી દે છે.

એવો નિયમ હોય કે પ્રાર્થના કરી, પ્રભુનું સ્મરણ કરી, કોઈ મહાપુરુષનું જીવનચરિત્ર વાંચી એ સુંદર સ્મરણોમાં અને સ્મરણોમાં ઊંઘી જવું તો કદાચ સ્વપ્ન આવે તો એમાં પણ ભગવાનની મૂર્તિઓ, તીર્થ સ્થળો, સંતોનો સમાગમ, પ્રકૃતિનું પર્યટણ એવું બધું જ આવવાનું. કેટલાકને સુંદર સ્વપ્ન આવે ત્યારે નવાઈ લાગે કે આજે ભગવાન મને સ્વપ્નામાં દેખાયા! એવું કેમ બનવું જોઈએ કે એક જ દહાડો સ્વપ્નામાં ભગવાન દેખાય! રોજ શયતાનો દેખાય અને એક દહાડો ભગવાન દેખાય એટલે આશ્ચર્ય ન થાય તો શું થાય? પણ રોજ ભગવાન દેખાય એવું થવા માટે સૂતા પહેલાં પૂરી શાંતિ જોઈએ. કાનમાં સારા શબ્દો ગુંજતા હોય આંખમાં સુંદર છબીઓનું દર્શન હોય અને પ્રાણોમાં પ્રભુતાની પરાગ હોય તેનું નામ સંયમી જીવન.

અહિંસા, સંયમ પછી આવે છે તપ. માણસને કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો તપશ્ચર્યા

અનિવાર્ય છે. તપશ્ચર્યા એટલે માત્ર એકાસણું કે ઉપવાસ જ નહિ; બે કલાક પલાંઠી વાળીને બેસવું એ પણ તપ છે. તમે કહો "આ કામ હું કરીને જ ઊઠીશ." આ સંકલ્પથી તમે જે કર્યું એનું નામ અભ્યંતર તપ કહેવાય. તમારી કાયાનો ઉત્સર્ગ કરી સંકલ્પ બળથી એટલી વાર તમે એક આસન પર બેઠા એ આંતરિક તપ છે. દેખનારને ખ્યાલ ન આવે કે આ તપ કરે છે પણ કરનાર સાધનામાં છે એટલે અભ્યંતર તપ ચાલુ છે.

જીવનમાં જેટલાં શ્રેષ્ઠ કામ કરવાનાં છે એમાં તપશ્ચર્યાની જરૂર છે. કોઈપણ મોટું કામ તપશ્ચર્યા વિના સિદ્ધ થતું નથી. સહેલા કામો ખાવાપીવાનાં કામો વગર તપશ્ચર્યાએ થઇ જવાના. પણ દુનિયાના મોટાં કામ તપશ્ચર્યા વિના થયાં જાણ્યાં નથી.

આ ત્રણ વાત અહિંસા, સંયમ અને તપ જેના હૃદયમાં હોય, તેને તો દેવતાઓ પણ નમન કરે છે.

દુનિયામાં દેવો બહુ ઉત્તમ અને મોટા કહેવાય છે. પણ દેવોને મન આવો માણસ વધારે ઉત્તમ છે. એનું કારણ એ કે આત્મદર્શન જો કોઇ કરી શકે, આત્માનો વિકાસ જો કોઈ કરી શકે અને આ દેહ દ્વારા મોક્ષ જો કોઈ મેળવી શકે તો તે એક માણસ જ છે.

આ શરીર એ સામાન્ય વસ્તુ નથી. આ શરીરથી મોક્ષ મળે છે. આ દુનિયામાં આ શરીર જેવું ઉત્તમ સાધન એક પણ નથી. શરીરને તમે જરૂર જાળવજો પણ તે એક માત્ર સાધના માટે. 'પહેલું સુખ તે જાતે નર્યા.' એમ વૃદ્ધોએ કહ્યું છે. પણ તે શા માટે? કારણકે એ મોક્ષનું સાધન છે. મોક્ષનું સાધન બનવા માટે સમર્થ છે એ ત્યારે બને કે જ્યારે તમારા મનમાં તમારું ધ્યેય નિશ્ચિત હોય. મૂકીને મુકત થવું એટલે મોક્ષ. એ મોક્ષ મેળવવા માટે મારે આ સંસારમાંથી સમજીને સરકતા રહેવું જોઇએ.

જીવ અજ્ઞાનથી આવૃત છે એટલે એ સમજીને સરકતો નથી. છેલ્લી ઘડી સુધી વસ્તુઓમાં એની મમતા રહે છે.

મને એક પ્રસંગ યાદ આવે છે. જબલપુર પાસે ધૂંવાધાર કરીને એક પાણીનો ધોધ છે. એ waterfallમાં પાણી ખૂબ ઉપરથી પડે છે અને નીચે મોટી મોટી પથ્થરની શિલાઓ છે. એ શિલાઓ ઉપર પાણી પછડાય ત્યારે પાણીના એટલા બધા ચૂરેચૂરા થાય કે જાણે ધૂંવો ધૂંવો દેખાય, ધુમાડો થઈ ગયો હોય એવું દૂરથી લાગે. એ દૃશ્ય બહુ જ મનોહર છે એ જોવા માટે લોકો દૂરદૂરથી આવે છે.

એક વાર યુરોપથી ત્રણ મિત્રો મોટા દૂરબીન સાથે આ જોવા આવ્યા હતા. એક ટેકરી ઉપર ચઢીને દૂરથી આવતા આ પાણીના પ્રવાહને એ જોઈ રહ્યા હતા. એ પાણીનો પ્રવાહ આવે છે અને આવતો આવતો પેલી કિનાર ઉપર આવે, ત્યાંથી પછડાય અને ચૂરેચૂરા થઈ વિખરાય.

એમણે દૂરબીનથી જોયું તો માણસનું એક મડદું પાણીના પ્રવાહ ઉપર તરતું તરતું આવી રહ્યું હતું. એ મડદું પાણી પર હોવાથી ફુલાઈ ગયું હતું. અને એના ઉપર એક સમડીની નજર તાકી રહી હતી. સમડીને પ્રલોભન થયું. લાવ, હું આમાંથી થોડું ખાઈ લઉં. એટલે અનંત આકાશમાં સ્વતંત્ર રીતે ઊડતી સમડી એ મડદાને ખાવા માટે એકદમ નીચે ઊતરી અને એ મડદા ઉપર બેસી ગઈ.

મડદું પાણીના પ્રવાહ ઉપર છે. પ્રવાહ જોરથી વહી રહ્યો છે તો મડદું પણ સ્થિર નથી. એ પણ પ્રવાહની સાથે તણાઈ રહ્યું છે. પણ મડદા પર બેઠેલ સમડીને બધું સ્થિર લાગે છે. કારણકે એનું ચિત્ત ખાવામાં મગ્ન છે.

એણે તો પેલા મડદામાં ચાંચ મારી અને એનું માંસ ખાવા મંડી પડી. મડદાની ગતિ

ચાલુ છે ત્યાં સમડીને જરા ભાન આવ્યું અગર તો એમ કહો કે થોડો ઉપયોગ આવ્યો; રે, આ કિનાર તો નજીક આવે છે. જો હું નહિ ઊડું તો આ મડદા ભેગી પાણીમાં હું પણ લપેટમાં આવીને મરી જવાની. એણે પોતાની પાંખો તૈયાર કરી અને જોયું. હજુ કિનાર દૂર છે. હમણાં હું ઊડી જાઉં છુ.

પણ ઊડવાની ભાવના કરતાં ખાવાની લાલસા બહુ જબરી છે. સ્વતંત્રતાના આનંદ કરતાં વસ્તુઓની મમતા બહુ તીવ્ર છે.

સમડી સમજે છે કે ઊડ્યા વિના છૂટકો નથી. જો નહિ ઊડું તો મડદાની ભેગી હું હમણાં જ પછડાઈ જવાની છું. જ્યાં પાણીના કટકે કટકા થઈ જાય અને ધૂંવો થઈને ઊડે ત્યાં આ સમડીનું શું ગજું કે જીવી શકે ? પણ પેલું આકર્ષણ, કયું આકર્ષણ ? પેલું માંસ ખાવાનું આકર્ષણ, મમતાનું આકર્ષણ, એ એટલું તીવ્ર છે, એવું આસક્તિવાળું છે કે એને સત્ય સ્પષ્ટ દેખાતું નથી. જરાક ખાઈ લઉં એમ કહી ફરીથી એમાં મોઢું નાખ્યું ત્યાં કિનાર આવી ગઈ. અને પાણીનો પ્રવાહ, પેલું મડદું, સમડી સૌના ચૂરેચૂરા !

પેલા ત્રણે મિત્રોએ દૂરબીનથી આ દૃશ્ય જોયું. આ દૃશ્યની છાપ એમના ચિત્ત પર એટલી ઊંડી પડી કે એકે તો પોતાની આત્મકથામાં આ પ્રસંગ લખ્યો.

માણસને સ્વતંત્રતા કરતાં મમતાનું આકર્ષણ કેવું તીવ્ર હોય છે અને તે કેવો ભ્રમ ખડો કરે છે!

માણસ પણ એવો જ છે. કાળરૂપી પ્રવાહ ઉપર આ દેહરૂપી મડદામાં સમડી જેવો સ્વતંત્ર આત્મા બેઠો છે. કાળનો પ્રવાહ તો વહે જ જાય છે, કેલેન્ડરો બદલાતાં જાય છે. લોકો વર્ષગાંઠ ઊજવે છે. પણ ખરી રીતે તો ધૂંવાધારની નજીક આવતા જાય છે. ધીમેધીમે પોતે તણાતા જાય છે પણ ઉપયોગ નથી. માણસ બીજાઓને મરતાં જુએ છે પણ પોતાનો વિચાર નથી કરતો.

આ જ રીતે માણસો સમડીની જેમ આ મમતાના મડદામાં ચોંટી રહ્યા છે. એમ ન માનશો કે લોકો જાણતા નથી. બીજાને શિખામણ દેવા બેસે તો એમ જ કહે કે હવે તમે છૂટી જાઓ. પણ પોતાનો વારો આવે છે ત્યારે એ એમ કહે કે ભાઈ મારી સ્થિતિ તો હું સમજું. કારણકે મારાં છોકરાંઓ, મારું કુટુંબ, મારા ભાઈઓ અને મેં જે વળગાડ ઊભો કર્યો છે એ બધું એવું વિકટ છે કે એકદમ ન છુટાય.

માણસ જાગૃતિના પ્રભાતમાં પોતે પોતાની રીતે વિચાર નહિ કરે તો એની સ્થિતિ એ થવાની જે સમડીની છેલ્લી ઘડીએ થઈ. કાળના પ્રવાહમાં માણસ તણાઇ જવાનો. કાળનો પ્રવાહ વાટ જોઇને ઊભો રહેતો નથી કે આ માણસને થોડું બાકી રહી ગયું છે તો કામ પૂરું કરે ત્યાં સુધી રોકાઈ જાઉં. કાળ તો ઝડપથી વહી જ રહ્યો છે.

હું કો'કવાર મારા દીક્ષાના દિવસને યાદ કરું છું ત્યારે મને થાય છે કે એ દિવસોમાં જે જન્મ્યા હતા એ આજે યુવાન થઇ ગયા છે, જે યુવાન હતા તે વૃદ્ધ થઈ ગયા છે અને જે વૃદ્ધ હતા એ સ્વર્ગે સિધાવી ગયા છે. કાળ માણસને કેવી રીતે માપી રહ્યો છે. કાળ વહી રહ્યો છે છતાં માણસના મનમાં મમતાનું એક ખેંચાણ એવું પડયું છે કે એને કારણે એ પૂર્ણ રીતે જાગતો જ નથી. હા, કદીક એ જાગી જાય છે, કદીક કદીક એ સારા વિચારો પણ કરી નાંખે છે પણ ફરીથી એ આવરણ આવીને એના ઉપર એવું બેસી જાય છે કે પાછો એ રાગદ્વેષના કીચડમાં ખૂંચી જાય છે.

માણસના મન ઉપર મમતા એવું આકર્ષક આવરણ લાવીને નાંખે છે કે એકવાર જાગૃત બનેલ આત્મા પણ પાછો ભુલભુલામણીમાં ફેંકાઇ જાય છે. એવો ભુલભુલામણીમાં ફેંકાય કે એક વખત

નિવૃત્ત થયેલા આત્માને પણ પાછું પ્રવૃત્તિનું જોતરું વળગી જાય છે અને એ પ્રવૃત્તિના જોતરામાં ખેંચાતો જાય છે. અંતે એવો અટવાય છે કે પોતાને માટે એક કલાક કાઢવો હોય તો પણ એ કાઢી ન શકે.

જ્ઞાનીઓ પૂછે છે "આ માનવદેહ, જેને દેવતાઓ નમન કરે છે એવા માનવદેહને તું માત્ર આ આહાર, નિદ્રા, ભય અને મૈથુનમાં પૂરો કરી નાખીશ? આ માનવદેહ જે દેવદુર્લભ છે એવા આ માનવદેહને માત્ર તું થોડું ધન ભેગું કરવામાં, થોડાં મકાનોનો સંગ્રહ કરવામાં, થોડી પદવીઓ લેવામાં અને થોડીક વાહવાહ કહેવડાવવામાં સમાપ્ત કરીશ તો જીવનના સમગ્ર દુઃખનો નાશ કરનાર અને પરમ સુખની પ્રાપ્તિરૂપ મોક્ષને ક્યારે મેળવીશ?

આત્મદર્શન આ મૂળ વસ્તુની મહત્તા સમજાવે છે. રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર ભૌતિક વસ્તુઓ તરફ દૃષ્ટિ રાખે છે. જ્યારે આત્મશાસ્ત્ર પારમાર્થિક સત્યને લક્ષ્યમાં રાખે છે. અહીં જ આ ભેદરેખા દેખાય છે.

આત્મશાસ્ત્રના પરિશીલનથી ચિત્તમાં શાંતિનો, બુદ્ધિમાં વિવેકનો અને હૃદયમાં સંતોષનો ઉદય થાય છે.

ચિત્તને શાંતિની જરૂર છે. "अशान्तस्य कुतः सुखम्" અશાન્તને સુખ ક્યાંથી? એ ખાવા બેસે તો ખાવામાંય એને આનંદ નહિ. અશાન્તિથી ખાનારના મોઢાં ઉપર જે આનંદ ન હોય તે ઘણીવાર શાન્ત તપસ્વીના મોઢા ઉપર હોય છે. એનું કારણ એ કે એને ખાવાનું નથી પણ ચિત્તમાં શાંતિ તો છે જ. ચિત્તમાં શાંતિ ન હોય એવા, તાજમહાલની પાર્ટીમાં જઈ આવેલાને પૂછો કે તમે શું ખાઈને આવ્યા? તો કહેશે ભૂલી ગયો. કારણકે એ ધમાલમાં પડેલો હતો, વસ્તુનો આસ્વાદ જ ક્યાં કર્યો છે! પણ આવો અશાંત ધમાલિયો આસ્વાદ નથી કરી શકયો એટલા માત્રથી એને અનાસકત ન કહેવાય. આસકિત તો છે, પણ અવકાશ નથી.

સુખ વસ્તુમાં નથી, તમારા ચિત્તમાં છે. એ ચિત્તમાં જો શાંતિ ન હોય તો દુનિયાની સમગ્ર વસ્તુઓ આપી દેવામાં આવે તો પણ માણસ સુખી બની શકતો નથી. એટલે થોડી વસ્તુઓ ભલે મળે પણ તમે પ્રાર્થના એ કરો કે શાંતિ મળે.

કેટલાક માણસોની એવી માન્યતા હોય છે કે હું નહિ હોઉં તો આ બધાંનું શું થશે એમ માની ધમાલ અને ધાંધલ કરતા હોય છે. પણ લખી રાખજો કે તમે નહિ હો તો જગત વિધુર નથી બની જવાનું. જગત તો એમ જ ચાલ્યા કરવાનું છે. કોઇ એમ માનતો હોય કે હું નહિ હોઉં તો શું થવાનું! અરે ભાઇ! તું નહોતો તો પણ જગત ચાલતું હતું અને તું નહિ હોય તો પણ જગત ચાલવાનું છે. મોટા મોટા રાજાધિરાજ ચાલ્યા જાય તો પણ રાજ્યના કારભાર બંધ થતા નથી. તો ઘરનો એક માણસ ચાલ્યો જાય તો શું થવાનું છે?

એટલે કોઇ પણ બાબતમાં બહુ ધમાલ કરવાની જરૂર નથી. એક જ નિર્ણય કરવાનો કે મારે જે કાંઈ પ્રવૃત્તિ કરવાની છે એ બહુ શાંતિથી કરવાની છે. કોઈ tension ની જરૂર નથી. અને એ શાંતિનું જીવન જેટલી ક્ષણો જીવાય છે, જેટલા કલાકો જીવાય છે અને જેટલાં વર્ષો જીવાય છે એ જ તમારું જીવન છે. બાકી બધું તો જીવન પૂરું કરવાનું છે.

યોગીરાજ શ્રી આનંદઘને તો ગાયું "આઠ પહોરકી ચોસઠ ઘડીયાં, દો ઘડીયાં તેરી સાચી, પ્રભુ ભજ લે મેરો દિલ રાજી."

રાત દિવસ મળી આઠ પ્રહર છે એમાં જો સાચી ઘડીઓ હોય, શાંતિની ઘડીઓ હોય તો

તે એ છે જેમાં પ્રભુને ભજતો ભજતો તું તને રાજી કરે છે, અંદરવાળાને રાજી કરે છે. દેહ નહિ, મન નહિ, મગજ નહિ પણ અંદરનાને રાજી કરવાનો છે.

મેં એવા માણસોને પણ જોયા છે જે બજારમાંથી પૈસો ખૂબ કમાઇને આવ્યા હોય. છતાં રાજી ન હોય. અંદર બેઠેલો કહે કે તું ક્યાં કમાયો છે? તેં તો લૂંટ કરી છે, બીજાને છેતરી નાંખ્યો છે. ખીસાં તર હોય પણ જીવ અંદર બળ્યા કરતો હોય. અંદર એમ થાય કે મેં આ શું કરી નાંખ્યું?

એને રાજી કરવો એ જુદી વાત છે. એક ગરીબ માણસ હતો. બહુ જ વૃદ્ધ હોવાથી કંઇ કામ નહોતો કરી શકતો. જરૂર પડે ત્યારે કોઈની પાસે માંગી લેતો. એક દિવસ સવારના એ ચાલ્યો જતો હતો. એને એકદમ ભૂખ લાગી. સામેથી એક માણસ આવતો હતો. એનું ખીસું બહુ મોટું હતું. એમાં ચણા ભરેલા હતા. આણે એની પાસે માગણી કરી. પેલાએ કહ્યું કે મારી પાસે બીજું તો કંઇ જ નથી, માત્ર ખીસામાં ચણા છે. એણે હસીને કહ્યું, "ભાઇ! ભૂખ્યાને બીજું શું જોઇએ?" એટલે એણે ખોબો ભરીને ચણા આપ્યા. એ ચણા લઇને એની ઝૂંપડીમાં ગયો અને ખાવા બેઠો. જોયું તો એની અંદર એક ગીની આવી ગઈ હતી! આપનારના ખીસામાં ગીની હશે તે ભૂલથી ચણા ભેગી આવી ગઈ.

એણે ચણા ખાધા અને ગીની કપડાના છેડામાં બાંધી રાખી મૂકી. એને રાતના સૂતાં સૂતાં વિચાર આવ્યો. પેલા સજ્જને ચણા આપેલા, ગીની જાણીને તો નથી જ આપી. ભૂલથી ગીની આવી ગઈ છે. આ ગીની રાખી લઉં તો મહિનાઓ સુધી મારે ચણા નહિ માગવા પડે. પણ અંદરથી આત્મા કહે કે આ તો એક જાતની ચોરી છે, અન્યાય છે. એણે તને આપ્યું નથી છતાં તારે રાખી લેવું છે? ભલમનસાઈનો આવો દુરુપયોગ!

આખી રાત અશાંતિમાં સૂતો સૂતો એ વિચાર કરવા લાગ્યો. મન કહે કે રાખી લે, આત્મા કહે કે પાછી આપી દે; મન કહે કે તારો મહિનો સારો થઇ જશે, આત્મા કહે છે કે મહિનો તારો બગડી જશે. મન કહે છે કે આટલો પૈસો વારંવાર તને ક્યાં મળવાનો છે? પણ આત્મા કહે છે કે આવા અન્યાયના પૈસાથી તું સુખી ક્યાં થવાનો છે? આમ રાતભર ઘર્ષણ ચાલ્યા જ કર્યું!

આવો વિવેક કોને જાગે? જાગૃત હોય તેને. જેનો આત્મા બુઠ્ઠો બની ગયો છે અગર તો આવરણ વડે પોતાની જાતને ગુમાવી નાંખી છે તેને તો આ પ્રશ્નો ઊઠતા જ નથી. જે જાગૃત છે, જેને આવું ઘર્ષણ ઊભું થાય છે એને એ શુદ્ધિ લાવે છે, પૂર્ણતા તરફ લઈ જાય છે.

આ વૃદ્ધે સારી રાત ચિન્તનમાં વિતાવી, પ્રભાતે એ નિર્ણય સાથે ઊઠ્યો. અને પેલા સજ્જનની શોધમાં નીકળી પડયો. એ જે ઠેકાણે સવારે ફરવા આવતો અને જે બાંકડા ઉપર બેસતો ત્યાં ગયો. "લો, ભાઇ, આ તમારી ગીની!" પેલો આશ્ચર્ય પામી ગયો. "ગીની! ક્યાંથી લાવ્યા?" કહ્યું "તમે મને કાલે ચણા આપ્યા એની ભેગી આ ગીની આવી છે." પુત્રના સગપણ પ્રસંગે આવેલી ગીની એના ખીસામાં જ રહી ગયેલી. એણે આશ્ચર્યથી પૂછ્યું "આવી ગરીબી છે છતાં તમને ગીની પાછી આપવાનું મન કેમ થયું?"

એણે કહ્યું "મારા ઘરમાં કજિયો થયો. એક કહે 'રાખો' બીજો કહે 'આપી દો'." "પેલા ભાઇએ પૂછ્યું "તમે તો કાલે કહેતા હતા કે હું એકલો જ છું અને મારી ખબર કાઢનાર કોઇ નથી. અને હમણાં કહો છો કે ઘરમાં કજિયો થયો. તો કજિયો કોની સાથે થયો?"

વૃદ્ધના ગાલ પર પ્રસન્નતાની સુરખી આવી. "ઘર એટલે શરીર. અને કજિયો મન અને આત્મા વચ્ચે. એ બે ને કજિયો થયો. મન રાખવાનું કહેતું હતું. અને આત્મા આપવાનું કહેતો હતો. આખી રાત કજિયો થયો. એમાં મારા આત્માનો વિજય થયો. મનને હરાવી દીધું એટલે આ ગીની આપવા હું આવ્યો છું."

પેલા માણસને થયું આવા માણસનો સંગ મને કામનો છે. "હવે તમારે કોઈ ઠેકાણે જવાની જરૂર નથી. બે ટંક આવીને મારી સાથે જમો, કલાક બે કલાક આવી જ્ઞાનગોષ્ઠિ કરો. તમારી વાણીનો, તમારા સત્સંગનો મને સંગ કરવા દો. મારો અતિથિસત્કાર સફળ થઈ જશે."

એવા માણસો આપણી પડખે જોઈએ. જેમનામાં મન અને આત્મા વચ્ચેનો વિવેક હોય, ઘર્ષણમાં આત્માનો જ વિજય હોય, આંતરિક વિજયનો આનંદ હોય.

તમને પણ એ અનુભવ નથી થયો કે જે દિવસે સારું કામ કરીને આત્મા હસી જાય છે તે દિવસનો આનંદ એ જિંદગીનો મોટામાં મોટો આનંદ હોય છે. એ આનંદ મેળવવા માટે જ સમગ્ર જીવનનો પ્રયત્ન છે.

ઘણીવાર ધન, વૈભવ મળી જાય છતાં અંદરનો રાજી નથી થતો. અંદરનાને રાજી કરવો એ સહુથી કઠિન વાત છે. બીજા બધાયને સમજાવી શકીએ પણ એ નથી સમજતો. કારણકે એ સૌથી વધારે સમજે છે. બીજા બધા જે સમજે છે એના કરતાં એ વધારે સમજે છે. સર્વજ્ઞ કોટિનો હોય તો તે આત્મા છે. તમારી દલીલો, તમારા તર્ક, તમારી સમજણ, એને સમજાવી શકતાં નથી. અંદર છે એને સમજાવવા માટે તો પોતે પોતાની મૂળ અવસ્થામાં આવે તો જ એ સમજીને રાજી થાય છે.

એટલે આનંદઘનજીએ લલકાર્યું "પ્રભુ ભજ લે મેરા દિલ રાજી!" પ્રભુ! હું જ્યારે તમારી સાથે એકાકાર બનું છું તે જ સાચી અને સફળ ઘડીઓ છે.

તો આપણું જીવન કેલેન્ડરથી નથી મપાતું, આવી ઘડીઓથી મપાય છે. અને જીવન વર્ષોથી નહિ, પણ આવી સુખદ અને આનંદમય પળોથી ધન્ય બને છે.

એવી નોંધપોથી હોય તો કેવું સારું! જેમાં સંતોના સમાગમની મીઠી યાદ હોય, પ્રવચનની ટૂંકી નોંધ હોય, દાન દઈને દાનનો ઉત્સવ તમે માણ્યો હોય એનું શુભ સ્મરણ હોય. કોઈકવાર ઢળતી સાંજ હોય અગર ઊઘડતું પ્રભાત હોય એવે વખતે તમે એ નોંધપોથી લઇને બેસો અને વાચતાં વાચતાં અનુભવો કે મારા જીવનની કિતાબમાં કેવા સુંદર પ્રસંગો પ્રતિષ્ઠા પામી ગયા! એ સુંદર પ્રસંગો એ જ સાચું જીવન છે. એની યાદ પણ અદ્ભુત આનંદ છે. જેમાં જીવન યાદગાર બને છે.

જીવનમાં યાદ કરવા જેવું શું છે એ આપણે સમજવાનું છે. યાદ કરવા જેવું આ શાંતિ, આ સંતોષ અને આ તૃપ્તિ. એ જ જીવનનાં મહત્ત્વવાળાં સાર્થક ઉત્તમ તત્ત્વો છે.

આત્માનું દર્શન થાય પછી અર્થશાસ્ત્ર, ભોગશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, કામશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર - એ બધાં ય શાસ્ત્રો આત્મશાસ્ત્ર આગળ સામાન્યશાસ્ત્ર લાગે છે.

બધાં જ દર્શનો અને શાસ્ત્રોમાં સમ્રાટનું સ્થાન ભોગવતું હોય તો આ આત્મદર્શન છે, આ આત્મશાસ્ત્ર છે.

આ આત્મદર્શન કરવા માટે આ ત્રણ ભૂમિકા છે. જે સંસારમાં તમે છો એમાંથી સમજીને સરકવું એનું નામ સંસાર. ધીરે ધીરે સરકતા જાઓ સમય આવે એટલે કહો "આ નીકળ્યો! ચાલો!" આ સમજીને સરકવાનું કહેવાય. ભલે

તમે એકદમ ન સરકી શકો. પણ સરકવાનું છે એ ભૂલશો નહિ.

ગાડી જ્યારે રીવર્સમાં લેવાની હોય ત્યારે ડ્રાઈવર કેવો સાવધાન હોય છે! કારણકે એને ગાડી ગલીમાંથી બહાર કાઢવી છે.

એમ આ સંસારરૂપી સાંકડી ગલીમાં જો તમે ભરાઈ ગયા હો તો સમજીને સરકતા જવું. બીજો વિચાર જાણીને જીવવું. જેટલું જીવન જીવો એ જાણીને જીવો. જાણીને જાગ્રતિથી જીવવું એનું નામ જ જીવન. અને ત્રીજો વિચાર તે મમતાને મૂકી જીવનમુક્ત થવું એનું નામ મોક્ષ છે.

જીવનદર્શન કરવું હોય તો આ ત્રણેય વસ્તુને વિચારવી પડશે. સમજીને સરકનાર, જાણીને જીવનાર અને મમતાને મૂકી મુકત બનનાર જ પરમસુખને પામી શાંતિમાં પ્રતિષ્ઠિત થાય છે.

પાંખો ફૂટવી જોઈએ

મધમાખીનું જ્યારે બચ્ચું થાય છે ત્યારે તે તરતના જન્મેલા બચ્ચાને મધપુડાના એક છખૂણિયા ખાનામાં પૂરી દેવામાં આવે છે. તેના ખોરાક માટે એ જ ખાનામાં બચ્ચું મોટું થતાં સુધી તેને પોષણ મળે તેટલું મધ ભરી રાખવામાં આવે છે. પછી બચ્ચાને અંદર મૂકયા બાદ, ખાનામાંથી બહાર નીકળવાનો દરવાજો મીણ વડે ચાંદી લેવામાં આવે છે. અંદરનું તમામ મધ ખાઈ કરીને બચ્ચું મોટું અને સશકત થાય ત્યારે તેને માટે બહાર ખુલ્લી હવામાં ફરવાનો સમય પાકી ગયો ગણાય છે, પણ બહાર નીકળવા માટે તેને દરવાજા પર ચાંદેલું પેલું મીણનું ઢાંકણું તોડવું પડે છે. એ તોડવા માટે તેને ભારે જહેમત ઉઠાવવી પડે છે અને તેનું નાનું શરીર એ જહેમતમાં બધી બાજુથી ઘસાઈ જાય છે, પણ એ ઘસારાથી તેને એક લાભ એ થાય છે કે તેની પાંખો, જે શરીરના અંદરના ભાગમાં રહેલી હોય છે તે ઘસારાથી બહાર ફૂટે છે અને વિકસે છે. જ્યારે મીણનું ઢાંકણ તોડીને મોટું થયેલું બચ્ચું બહાર નીકળે છે ત્યારે તેની પાંખો પણ તૈયાર થઈ ગયેલી હોય છે અને તેના વડે એ ખુશીથી ઊડવા લાગે છે.

એક વાર એક મધપૂડામાં થોડી ઉધઈઓ પેસી ગઈ અને તેણે મધપૂડાનાં છખૂણિયાં ખાનાંઓ ઉપર ચોંટાડેલું મીણ કોરી ખાધું. તેને લઈને અંદરના બચ્ચાંઓ પોતાના શરીરને જરા પણ કષ્ટ કે શ્રમ આપ્યા વિના કે ઘસારો સહન કર્યા વિના ખાનાંઓમાંથી બહાર નીકળી ગયાં. પણ એ બચ્ચાંઓને પાંખો ફૂટેલી નહોતી એટલે તેઓ ઊડી શકયાં નહીં અને મધપૂડાની બીજી માખીઓએ આવીને તે બધાંને મારી નાખ્યાં!

જિન્દગીમાં કશું કષ્ટ વેઠવું ન પડે, કશી જહેમત ઉઠાવવી ન પડે, શરીરનો કશો ઘસારો સહેવો ન પડે, મનને કશી વેદના સહેવી ન પડે, એવી સુખમય, ગુલાબની પથારી જેવી મુલાયમ જિન્દગી ભોગવવાનું જે તરુણોને ને યુવાનોને મન થતું હોય તેમણે આ વાત યાદ રાખવા જેવી છે કે બચપણથી એવી જિન્દગી જીવવાને ટેવાયેલા માણસોને પાંખો ફૂટતી નથી અને દુઃખનો પહેલો જ ઝપાટો આવતાં તેનો સામનો કરવાની અશક્તિને લઈને તેઓ લાચાર, નાહિમ્મત અને નિરાશ થઈને બરબાદ થઈ જાય છે.

– રાસુ પરમાનન્દ ઠાકુર

દિવ્યજ્ઞાનની બીજા અને ત્રીજા વર્ષની ફાઇલ આઠ રૂપિયામાં ઑફિસમાં આપવામાં આવે છે. પરંતુ પોષ્ટથી મંગાવનારે વી. પી.નો ખર્ચ જુદો આપવાનો રહેશે.

– તંત્રી

મીઠી છેતરપીંડી

બાળકો પોતાની માતાને છેતરે એવી વાતો તો આપણે ઘણીવાર સાંભળીએ છીએ, પરંતુ માતા પોતાનાં બાળકોને છેતરે એવું તો ભાગ્યે જ આપણને સાંભળવા મળશે. પણ હું એક એવી માને ઓળખું છું, જેણે પોતાનાં બાળકોને જિંદગીભર છેતર્યાં હતાં. તે મારી મા હતી.

નાનાં હતાં ત્યારે અમે બહુ જ કપરા કાળમાં ઊછર્યાં હતાં. કદાચ હાલનાં બાળકો એની કલ્પના પણ નહીં કરી શકે. પણ અમે કારમી ગરીબી સહન કરી હતી. કોઈ દિવસ અંગ પર સારાં વસ્ત્રો પહેર્યાં નથી, ખોરાક પણ પેટ પૂરતો મળતો નહિ, પગમાં જોડા તો ક્યારેય જોયા નહોતા. ઘણી વાર તો ઘરબાર વિના રસ્તામાં રાતોની રાતો અમે વિતાવતા. આવો કપરો કાળ અમે વેઠ્યા કારણ કે અમારા પિતા અમને સૌને છોડીને ચાલ્યા ગયા હતા.

આ બધાં વર્ષોમાં પણ મારી મા મૂંઝાતી નહિ. તે અમને ચારેને ખવડાવતી, પીવડાવતી, થાગડથીગડ કરી કપડાં પહેરાવતી અને શાળામાં મોકલવાની વ્યવસ્થા પણ કરતી. આવી બધી મુશ્કેલીઓમાં તે પાંત્રીસની થઇ તે પહેલાં તો તેના વાળ સફેદ થઇ ગયા. આમ તો તે આનંદમાં રહેતી પણ તેની આંખોમાં ઊંડે ઊંડે ભારોભાર નિરાશા દેખાયા કરતી. તેણે ક્યારેય સારાં વસ્ત્રો પહેર્યાં નહોતાં કે જીવનમાં સુખનો અનુભવ કર્યો નહોતો.

પછી અમે ચારે ભાઈભાંડુ મોટાં થયાં. થોડુંક કમાતાંધમાતાં થયાં. અમે સૌએ ભેગા થઈને નક્કી કર્યું કે દરેક અઠવાડિયે માને સારા એવા પૈસા મોકલી આપવા જેથી ૫૦ પછીનાં તેનાં રહ્યાંસહ્યાં વર્ષો સુખ-ચેનમાં વીતે અને પહેલાંના કપરા કાળનો ફરી તેને ક્યારેય અનુભવ ન કરવો પડે.

પણ માએ જે જાતની જિંદગી જીવવા માંડી તેથી અમે ખૂબ નિરાશ થઈ ગયાં. આટલા બધા પૈસા મળવા છતાં માએ એના એ જ જૂના ઘરમાં રહેવાનું ચાલુ રાખ્યું. નવું ઘર તેણે લીધું નહિ. 'મને તો ઘરકામ કરવું બહુ જ ગમે' એમ કહીને નોકરડી ન રાખી, અને ઘરનું બધું ય કામ હાથે કરવાનું ચાલુ રાખ્યું. સારાં વસ્ત્રો પણ તેણે ખરીદ્યાં નહિ. એને માટે અમે એક એવી યોજના કરી હતી કે રજાઓમાં તે સમુદ્રકિનારે રહેવા જાય કે પરદેશમાં પ્રવાસે જાય જેથી તેને આરામ મળે પણ તે આ બધી વાતોને કોઈ ને કોઈ બહાનાં કાઢીને ટાળતી. છતાંય દર અઠવાડિયે પેલો ચેક તો અમે તેને મોકલતાં જ.

વીસ વર્ષ પછી તેનું મૃત્યુ થયું ત્યારે અમે વિચાર્યું કે આ બધા દિવસોમાં તેણે અમારા પૈસા-માંથી નજીવી રકમનો પણ ખર્ચ કર્યો નથી એટલે સારા એવા પૈસાની બચત તેણે કરેલી હોવી જોઇએ.

પણ અમે જઈને જોયું તો અમને ખબર પડી કે મા પાસે તો સમ ખાવા એક પૈસો પણ નહોતો. અમને ખૂબ નવાઈ થઈ. જે ચેક અમે મોકલતા તેના પૈસા તો એ જ ક્ષણે વપરાઈ જતા. આટલા બધા પૈસા જતા ક્યાં? માએ એક હિસાબની નોટ રાખી હતી. એ જોઇ ત્યારે અમને ખબર પડી કે તેણે એક નિર્વાસિત મંડળ સાથે ગોઠવણ કરી હતી કે તે મંડળ દ્વારા યુરોપના ચારેક અનાથ બાળકોને પૈસા મળે, અને તેમનું ગુજરાન ચાલે. એ ચારે બાળકોને તેણે પોતાના ઘરની આસપાસ એક ઘરમાં રાખ્યાં હતાં, અને વીસ વર્ષથી તેમને શિક્ષણ આપતી, માંદગીમાં તેમની સારવાર કરતી, અને બાળપણમાં તેમની મુશ્કેલીઓમાં તેમને મદદ કરતી. બે જણનાં તો તેણે લગ્ન પણ કરાવી આપ્યાં હતાં.

આ નવાં ચાર સંતાનોની વાત તેણે અમને ક્યારેય કરી નહોતી. તેને એવો ડર હતો કે ફરીથી સ્વેચ્છાએ તે ગરીબી સ્વીકારે એ વાત અમે કદાચ મંજૂર ન રાખીએ. અને વાત સાચી છે. અમે એ સ્વીકાર્યું હોત કે કેમ એ અત્યારે પણ હું ચોક્કસ-પણે કહી શકું તેમ નથી.

માતૃત્વ એ સ્થાયી ભાવ છે. બાળકો મોટાં થાય એટલે સ્ત્રી માતા નથી મટી જતી.

('સમર્પણ'માંથી)

વિકાસની દિશામાં

ભૌતિકવાદ તરફ જઈ રહેલા આજના યુવાન વર્ગને આધ્યાત્મિકતાનું આકર્ષણ અને ખેંચાણ કેમ રહે? આ પ્રશ્ન ઉપર વધુ વિચાર કરતાં પૂ. ગુરુદેવની પ્રેરણાથી અહિંસા અને અનેકાન્તવાદમાં શ્રદ્ધા ધરાવનારા અને શ્રમણ સંસ્કૃતિના ચાહકો એવા યુવાનોની સંસ્થાની સ્થાપના થઇ. અને પૂ. શ્રીના આશીર્વાદ સાથે તા. ૨–૭–૬૭ના શુભ દિને Junior Divine Knowledge societyની કાર્યવાહી શરૂ થઈ. એકવીસથી ચાલીસ વર્ષની વયના કોઈ પણ ગ્રેજ્યુએટ વાર્ષિક ફી રૂા. ૫૧/– આપી સભ્ય થઇ શકશે.

આ સંસ્થાના ઉદ્દેશોની સમજણ આપતાં પૂ.શ્રીએ કહ્યું કે Lions અથવા Rotary દ્વારા થતી સમાજોપયોગી એવી ભૌતિક પ્રવૃત્તિઓ જ નહિ પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રે પણ સરખા વિચાર અને આચાર ધરાવનારી વ્યક્તિઓ મૈત્રીના બંધનમાં બંધાય અને માનવતા અને દિવ્યતાને બહાર લાવે એવી સ્વ અને સર્વની ઉન્નતિ સાધતી પ્રવૃત્તિઓ આદરે એ મુખ્ય ઉદ્દેશ છે. અહિંસા અને અનેકાન્તના વિચારોને વિસ્તારવા અને જગતના ધર્મોના તત્વજ્ઞાનના વિચારોનો વિનિમય કરવા, વિદ્વાનોને નિમંત્રી જ્ઞાનસત્ર દ્વારા ભાવ સમન્વય સાધી, વિદ્વાનોના પ્રવચનોથી પ્રાપ્ત થયેલા સાહિત્યનું પુસ્તકો દ્વારા પ્રકાશન કરી યુવાનોમાં આધ્યાત્મિક જાગૃતિ આણવી એ આ સંસ્થાનો ઉદ્દેશ છે.

ડૉ. રમણભાઇ શાહે રવિવાર તા. ૧૭મી સપ્ટેમ્બરે હિંદુ જીમખાનામાં જૈન દર્શન અને સાહિત્યની વિશિષ્ટતાઓ ઉપર વિવેચન કરતાં સમજાવ્યું કે ભગવાન મહાવીરે બધી જ અવસ્થાની અને જુદા જુદા અધિકાર ધરાવતી દરેક વ્યક્તિ માટે વિચારીને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી જેથી દરેક કક્ષાનો મનુષ્ય પોતાની શક્તિ પ્રમાણે સાધના કરી શકે અને કોઇને નિરાશ થવાનું રહે નહિ. સાધુ અને શ્રાવકો માટે જુદાં જુદાં વ્રતો બનાવ્યાં. બાળ બ્રહ્મચારી જ સાધુ બનવાને યોગ્ય છે એવો આગ્રહ ન રાખ્યો પણ એક દિવસનો દીક્ષાપર્યાયવાળો સાધુ પણ કયારેક મોક્ષનો અધિકારી બની શકે છે. તેવી જ રીતે ભાવપૂર્વક એકવાર નવકારમંત્ર ગણનાર પણ તરી જાય. એટલે જૈનધર્મમાં ધર્મ પ્રત્યે અભિમુખ થવા માગતી વ્યક્તિ મોડી પડતી નથી.

જે માણસો સ્યાદ્‌વાદ અને અનેકાન્તવાદને જીવનમાં ઉતારે છે અને બરાબર પચાવી જાણે છે એને જીવનમાં કયાં ય દુઃખ, કલેશ, વિષમતા, રાગ, દ્વેષ, કે ક્રોધનો અનુભવ થતો નથી.

વિશેષમાં જણાવ્યું કે જૈન સાધુઓએ લખેલા ગ્રંથોની જેટલી હસ્તપ્રતો મળે છે એટલી હસ્તપ્રતો દુનિયાના કોઈપણ ધર્મમાં મળતી નથી. આપણું ઘણું સાહિત્ય અપ્રકાશિત રહ્યું છે. જ્યારે આવી હજારો હસ્તપ્રતો પ્રકાશિત થશે ત્યારે ભવિષ્યની પ્રજા એનું વિશેષ મૂલ્ય કરશે.

આવા આવા ઘણા મુદ્દાઓ ઉપર એમણે વિદ્વત્તાભર્યું વિવેચન કર્યું હતું. અને ચિંતનના વાતાવરણ વચ્ચે પૂર્ણાહુતિ થઈ.

વ્યવહારશુદ્ધિ અને હૃદયશુદ્ધિનો સંબંધ

શ્રી નાથજી

આજે આપણે ચાલુ પ્રવાહને અનુસરીએ છીએ. પણ દરેક વ્યકિત શુદ્ધ રહેવાનો નિશ્ચય કરે અને તે પ્રમાણે પ્રયત્ન કરે તો ઇશ્વર તેને તેના પ્રયત્નમાં મદદ કરશે. અશુદ્ધિ એકદમ આવતી નથી, તેમ એકદમ જતી નથી. ધીરે ધીરે આવે છે અને પછી તેને દૂર કરવા માટે મહાન પ્રયત્ન કરવો પડે છે. વહેવાર ચલાવતાં કદી અશુદ્ધ વહેવારથી માણસને યશ અને સફળતા મળે છે. એટલે તે તેમાં વધારે ને વધારે ફસાતો જાય છે. આપણે મનથી અશુદ્ધ થયાં એટલે વહેવાર પણ અશુદ્ધ થયો. હૃદય મલિન થવાથી આપણાથી જે કાંઈ ક્રિયા થાય તે ખરાબ જ થાય. મન ખરાબ ન હોય તો અશુદ્ધ ભાવ પેદા ન થાય. મન શુદ્ધ થયું છે કે નહીં તેનું દર્શન તેની ક્રિયાથી થાય છે. ભૂમિ કહેતી નથી કે તે કેવી છે. પણ અંકુર ફૂટે એટલે માલૂમ પડે છે કે તે કેવી છે. તેવી રીતે મન કેવું છે તેનું દર્શન ઇન્દ્રિયો દ્વારા થતાં કર્મોથી થાય છે. આંતર અને બાહ્ય ઇન્દ્રિયોની શુદ્ધિથી જીવન શુદ્ધ થશે. વહેવારશુદ્ધિ માટે હૃદયશુદ્ધિની આવશ્યકતા છે. હૃદયશુદ્ધિ માનવજીવનનું ધ્યેય છે.

● સમાચાર સાર ●

સમસ્ત દેશની પ્રજામાં નૈતિક જાગૃતિ કેમ લાવવી તે અંગે વધુ વિચારણા કરવા જાણીતા સર્વોદય કાર્યકર શ્રી શંકરરાવ દેવ પૂ. ગુરુદેવશ્રીને થોડા દિવસ પહેલા કોટના ઉપાશ્રયે મળ્યા હતા.

જાગૃતિ લાવવા માટે જનતા અને સરકાર એક લક્ષ્ય થાય પછી જ ઉદ્યોગપતિઓનો સહકાર સાધી શકાય.

આજે સમસ્ત પ્રજાને educate કરવાની જરૂર છે. પ્રજાનું હિત શેમાં છે તેની જાણ આમપ્રજાને જરૂરી છે. અને તે માટે જેઓ તટસ્થ હોય એવાં બળોની જરૂર રહેવાની. આવી વ્યકિતઓ જેઓ સહુના શ્રેય માટે પ્રયત્ન કરતી હોવાથી વખતોવખત મળતી રહે. એમાં વિદ્વાનો પ્રોફેસરોનો પણ સમાવેશ થવો જોઇએ.

અંતમાં પૂ. ગુરુદેવે પોતાના વિચારો વ્યકત કરતાં જણાવ્યું કે જે destructive force છે તેને constructive કરવાનો છે. જે તોડતાં જાણે છે તેને જોડતાં શીખવવું પડશે. સર્જનમાં શાંતિ જોઇએ. વિસર્જન અશાંતિમાં થઈ શકે. સર્જન તો શાંતિ માગે છે.

વિવિધક્ષેત્રની વ્યકિતઓના એક વર્તુલ સમક્ષ રવિવારે તા. ૧-૧૦-૬૭ના સવારે સાડાદસ વાગે પૂ. ગુરુદેવના અધ્યક્ષમાં શ્રી શંકરરાવ દેવે જાગૃતિ અંગે પોતાના વિચારો વ્યકત કર્યા હતા.

આજે બધા અશાશ્વત પરિસ્થિતિમાં છે. કોઈ ક્ષેત્ર એવું નથી કે જેમાં crisis નથી, સંકટ નથી. બધે સંઘર્ષ અને અસંતોષ છે. સંઘર્ષથી મુકત થવા માટે સંઘર્ષને ખલાસ કરવો પડશે.

આજે આપણા સમાજમાં કાયદા વધતા જાય છે. Love હોય ત્યાં Law શા માટે ? જ્યાં પ્રેમ છે ત્યાં કાનુન નથી અને જ્યાં કાનુન છે ત્યાં પ્રેમ નથી. કાનુનની પાછળ દંડ પડ્યો છે. પ્રેમની પાછળ કર્તવ્યભાવ છે. માટે જ્યાં સુધી પ્રેમથી રાજ્ય ચલાવી શકાતું નથી ત્યાં સુધી કાયદાની આવશ્યકતા જરૂર રહેવાની.

આજે બધાના મનમાં એક જ સવાલ ઉપસ્થિત થાય છે કે સંઘર્ષને બદલે સહયોગ, સહકાર લાવવા માટે શું કરીએ ? આજે જે પ્રાપ્તવ્ય છે, જન્મસિદ્ધ હક્ક છે તેની વચ્ચે દિવાલરૂપે પુરોહિતશાહી અગર તો tax collection આવે છે. જે ચાહે છે અને જેને ચાહવાનું છે તેની વચ્ચે પુરોહિતશાહી આવીને કહે છે કે પહેલાં મારા હાથ ભરો, પહેલાં નૈવેદ્ય મને ધરો.

આજે ગાંધીજીને આપણે એક માનવ તરીકે યાદ કરવાના છે અને નહિ કે મહાત્મા તરીકે. તેમનું પુણ્યસ્મરણ મહાત્માના રૂપમાં કરીશું તો માળા પહેરાવીને બધું સમાપ્ત થશે. એ મંદિરમાં નહિ માણસમાં વસે છે. જો ગાંધીજી એક માનવ તરીકે સારા હતા તો હું પણ એમના જ જેવો સારો કેમ ન થઇ શકું એમ વિચારીએ.

લોકો જાગૃત થશે તો જ એ લોકતંત્રની રક્ષા કરવામાં મદદગાર બનશે. તે માટે man to man approach થવો જોઇએ.

આજે આપણે representativeને select કરીને સૂઈ જઇએ છીએ. એનો લાભ એ ઉઠાવે છે. ખરી રીતે તો આપણે ચૂંટેલા પ્રધાનો આપણાં હિત તરફ દુર્લક્ષ સેવે તો આપણે ભેગા મળીને એમને કાઢી શકીએ. કેવી રીતે ? Communityના privileges જે એમને મળતા હોય તે પાછા લઈ લેવા. એમને ત્યાં કોઈ પણ પ્રસંગ હોય ત્યાં હાજરી ન આપવી.

આજે સહુને મન law is the power. પણ બધા ભૂલી ગયા છે કે અસલી power communityમાં છે.

ગાંધીજી સામનો કરી શકયા. ગોળી ઝીલવા પોતાની છાતી ઉઘાડીને પડકાર કર્યો અને જનતાને જગાડી.

પરંતુ આજે આપણે Communityની strength ભૂલી ગયા છીએ. અને આપણે ભૂલ કરનારને માન આપીએ છીએ એ જ આપણી ભૂલ છે.

આવા Silent protestની જરૂર છે. સત્તા ઉપર ગયેલા ભૂલ કરે, આપેલ વચન ન પાળે તેનો સમાજ અસહકાર કરે, એને માન ન આપે તો એ એની મેળે જ મીણ જેવો થઈ જાય. મનુષ્ય માત્ર અન્ન ઉપર જીવી શકતો નથી. લોકૈષણા પણ એક ખૂબ બળવાન power છે.

Real power lies in the community. Let the community organise the conscience. No body can go against the conscience of the community.

માટે જ આપણામાં જાગ્રતિ લાવવાની છે. Each individual must be made aware of his capabilities.

★

પૂ. ગુરુદેવની પ્રેરણાથી આજથી આઠ મહિના પહેલાં બિહારમાં શરૂ કરવામાં આવેલાં માનવ રાહત કેન્દ્રો તા. ૧૫મી સપ્ટેમ્બરે બંધ કરવામાં આવ્યાં છે. ત્યાંની અર્ધનગ્ન, અજ્ઞાન અને દુ:ખથી પિડાતી એવી પ્રજાની મૂક સેવા કરવા માટે ગયેલા પરિવારના કાર્યકર્તાઓ તેમજ મુંબઈથી ડિવાઇન નોલેજ સોસાયટી તરફથી મોકલેલા નવયુવાનોએ કરેલી સેવાને અભિનંદન આપ્યા વિના રહી શકાતું નથી.

જીવનમાં પ્રેમને જાળવજો

માણસના મનને પ્રેમ સાથે ખૂબ જ ગાઢ સંબંધ છે. માનવી પ્રેમથી જ સંતુષ્ટ બની શકે છે, અને જીવનમાં શાંતિ અનુભવી આગળ વધી કંઈક કરી શકે છે. પ્રેમ વિના માનવી મુંઝાય છે, અને કંઇ કરી શકતો નથી, તેનામાં હતાશા આવી જાય છે. આજે આપણે કંઈક હતાશાનું વાતાવરણ જોઈએ છે તેનું કારણ પણ આ જ છે. મોટા ભાગના માણસો પોતપોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહે છે. અને સ્વાર્થમાં તેઓ એટલા બધા અંધ બની જાય છે કે, બીજાનો વિચાર પણ કરી શકતા નથી અને પ્રેમ આપી શકતા નથી. જે કંઇ કંગાલિયત અને અસંતોષ નજરે પડે છે એનું મુખ્ય કારણ કંઈક આ જ છે. પ્રેમમાં સમભાવ, દયા, ઉપકાર જેવા ગુણો આપોઆપ આવે છે, એટલે જો પ્રેમનું વાતાવરણ સર્જાય તો આપોઆપ આ જે દુ:ખદ્ર પરિસ્થિતિ જણાય છે તે દૂર થાય, અંધકાર અને નિરાશાના વાદળો પણ વિખરાય.

નાનામાં નાના માણસને જો પ્રેમ અને સહાનુભૂતિ અપાય તો એક નવી તાકાત, નવું વાતાવરણ અને નવું સૌન્દર્ય ખીલે. આમ જીવનનું પરમ સૌન્દર્ય પ્રેમમાં અને સહાનુભૂતિમાં છૂપાયેલું છે. માણસ માત્રને સૌંદર્યની ભૂખ હોય છે. પરંતુ આ સૌન્દર્યને જન્મ આપે છે પ્રેમ કેવળ પ્રેમજ. કોઇકે સાચે જ કહ્યું છે કે, જીવનમાંથી પ્રેમ લઇ લો તો સ્વજનના રૂપરંગ જાણે બદલાઈ જશે, એ પછી આકાશની ચાંદની સળગતી લાગશે બાગના મનોરમ્ય રૂપાળાં ફૂલો અંગારા જેવાં જણાશે. જે ઘરમાં હૃદય શાતા પામતું હતું તે ખાવા ધાશે ને ગઈકાલના પ્રિયજનોની આંખ ગમશે નહીં આમ પ્રેમની વિદાય સાથે જ આખી સૃષ્ટિ જ જાણે પલટાઇ જશે. પછી તો ચારેબાજુ શંકાનું સામ્રાજ્ય વ્યાપશે. એમાંથી ઈર્ષાના તણખા ઝરશે ને છેલ્લે દ્રેષના ભડકા જ તમારા ભાગમાં રહેશે. વિશ્વની સુંદરતામાં કશો જ ફેર પડ્યો નહીં હોય, પરંતુ તમારે માટે સર્વત્ર કુરૂપતા વ્યાપી જશે. જીવનનું સૌન્દર્ય જાળવવું હોય તો પ્રેમને જાળવજો. એથી તમે તો સુંદર લાગશો જ પણ જ્યાં જ્યાં દૃષ્ટિ ફેંકશો ત્યાં બધું સુંદર બની જશે.

The Aroma of Peace

When the sandal-stick meets the fire, the atmosphere becomes surcharged with the perfume effused thereby. Similarly when speech is made one with behaviour, the fragrance of peace would emanate therefrom!

From ' Lotus Bloom '
by Chitrabhanu

✻ શાંતિનો પરિમલ ✻

અગરબત્તીનો સંયોગ અગ્નિ સાથે થાય તો જ એમાંથી સુવાસભરેલું વાતાવરણ સર્જાય, તેમ વાણીનો સંયોગ વર્તન સાથે થાય તો જ એમાંથી શાંતિનો પરિમલ પ્રગટે.

'સૌરભ'માંથી

With Best Wishes

from

Ramnord Research Laboratories Ltd.

77, Dr. A. B. Road, Worli, Bombay 18.

દિવ્ય પ્રાર્થના

સંકટને વખતે મારું રક્ષણ કરો એ મારી પ્રાર્થના નથી, પણ સંકટ જોઇને ડરું નહિ એટલું હું ઇચ્છું છું.

હું એમ નથી ઈચ્છતો કે દુઃખ-તાપથી મારું ચિત્ત જો વ્યથિત થાય તો તું મને સાંત્વન આપજે, પણ દુઃખો પર હું વિજય મેળવી શકું એવી શક્તિ મારામાં હોય તેમ હું ઈચ્છું. આવશ્યક સહાયતા મને ન મળે તો હું હિંમત ન હારું, મારું બળ ક્ષીણ ન થાય એટલું જ હું માગું છું.

વ્યવહારમાં મને હાનિ થાય, મને લૂંટે તો પણ મને પરવા નથી, પણ હિંમત હારીને "હવે હું શું કરું, મારું સર્વસ્વ લૂંટાઇ ગયું.' એમ કહીને રોવા ન બેસું એટલું જ હું માગું છું.

વિનાશના પ્રવાહમાં હું તણાઇ જાઉં તો તું મારું રક્ષણ કરજે, મને બચાવી લેજે એવી પ્રાર્થના હું નહિ કરું, પણ પ્રવાહમાં વહી જવાનું મારું બાહુબળ સલામત રહે એટલું જ હું તારી પાસે માગું છું.

મારા પર જે બોજો છે તે હલકો થાય એવી સહાયતા હું નહિ ઈચ્છું, પણ જેટલો બોજો મારા પર આવી પડે તે ઉઠાવવાની મને શક્તિ પ્રાપ્ત થાઓ એમ હું માગીશ.

સુખને સમયે ગર્વોન્મત ન થતાં, નમ્રતાથી તને ઓળખી શકું અને જ્યારે દુઃખની રાત આવે, સર્વત્ર અંધારું છવાઈ જાય અને પગ તળેની ધરતી પણ ખસી જવા લાગે તે વખતે પણ હું તારા પરની શ્રદ્ધા ગુમાવી ન બેસું-તારા માટે મારા મનમાં સહેજ પણ સંદેહ પેદા ન થાય એટલું જ હું માગું છું.

-કવિવર રવીન્દ્રનાથ ઠાકુર

આટલું સમજી લો...

એ તમારાથી જુદા છે કાં?

અને સંસ્કારે, વિચારે, વિદ્યાએ, આચારે, વ્યવહારે, તમારાથી એ હલકા કાં?

'તમે ઉંચા, એ નીચા. એ સાચું છે ને?'

પણ હવે હું તમને એક બીજો પ્રશ્ન પૂછું: 'મારા મિત્ર! તમે આ જે કાપડ પહેરો છો તે તમે વણ્યું છે?'

'ના. મેં એ વણ્યું નથી, પણ મેં એના પૈસા આપ્યા છે.'

'અને તમે જે ઘરમાં રહો છો તે ઘર તમે પોતે ઊભું કર્યું છે કાં?'

'ના, મેં ઊભું કર્યું નથી, પણ મેં એના પૈસા આપ્યા છે.'

'અને તમે જે ધાન્યનુ ભોજન લ્યો છો, તે ધાન્ય ખેતરમાંથી તમે જ પેદા કર્યું હશે!'

'ના, હું પેદા કરી શકયો નથી. મને એવો વખત કયાં છે? પણ મેં એના પણ પૈસા આપ્યા છે.'

'અને આ તમારી છબીઓ, ફર્નીચર રંગરોગાન, સુખ-સગવડ એ તો મને લાગે છે તમે જાતે જ કર્યા હશે?'

'ના. એ પણ કર્યાં છે તો બીજાએ. પણ મેં એના પૈસા ભર્યા છે.'

'ત્યારે તો મારા મિત્ર! તમારું આખું જીવન સવારથી સાંજ સુધીનું બીજાના આધારે અને બીજાના સહકારે ચાલે છે અને છતાં તમે તો કહો છો: એ જુદા, અમે જુદા. એ હલકા, અમે ઉંચા. એ અણઘડ, અમે ઘડેલા. એ ગરીબ, અમે શ્રીમંત. પણ હું તમને કહું છું મારા મિત્ર! જે પૈસા તમને તમારા ભાઇઓથી જુદા પાડે છે એ પૈસા તમે કયાંથી રળ્યા? આકાશમાંથી પૈસાનો વરસાદ તો પડતો નથી ત્યારે તમે પૈસા કમાયા કયાંથી??

'પૈસા તો બુદ્ધિથી મળે છે, બુદ્ધિ હોય એને માટે પૈસા હાથનો મેલ છે!"

'ત્યારે તમે સિક્કા વડે માલ ખરીદો છો. બુદ્ધિ વડે સિક્કા પાડો છો અને સિક્કાના સંગ્રહ વડે તમારી જાત બીજાથી ઊંચી બની રહે છે. તમે વિચાર કર્યો છે કે આ સિક્કા નહિ હોય ત્યારે તમે કયાં હશો?'

'ત્યારે મારા મિત્ર! તમે આટલું સમજો કે સિક્કા નહિ, શ્રમ એ માણસનું સાચું ધન છે અને એ માણસને જુદા પાડવા માટે નહિ, પાસે લાવવા મળે છે.

ખલિલ જિબ્રાન

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંડીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.